પત્રક – ૧

# “લોક દરબાર” અંતર્ગત મળેલ અરજીઓ

કચેરી નું નામ: કાર્યપાલક ઇજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, વેરાવળ.

લોક દરબાર તારીખ :-૦૮.૦૪.૨૦૧૬

સ્થળ :- માર્કેટિંગ યાર્ડ, તાલાલા

સમય :- ૧૪:૦૦ કલાકે

જિલ્લાનું નામ :- ગીર સોમનાથ

લોક સંવાદ સેતુ (લોક દરબાર):

| પ્રશ્ન નંબર | અરજી મળ્યા તારીખ | રજૂઆતકર્તાનુનામ અને સરનામુ | પ્રશ્ન / રજૂઆતની ટૂંકી વિગત | વિભાગનું નામ | કોના અધિકાર ક્ષેત્રનું છે ? | સંબધિત વિભાગના પ્રત્યુતર / આખરી નિકાલની વિગત | નિકાલ હકારાત્મક / નકારાત્મક |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૩ | ૩૦.૦૩.૨૦૧૬ | શ્રી જીવાભાઇ કિસાભાઈ બારડ, મુ. ઘૂસિયા, તા.તાલાલા, જી.ગીરસોમનાથ. | ઘૂસિયા ગામે, સામત દેવશી જોટવા ની વાડી માં આવેલ ૧૦૦ કેવીએ ના ટ્રાન્સફોર્મર નું વિભાજન કરવા અંગે. | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | સામતભાઇ દેવસિભાઇ જોટવાની વાડીમાં આવેલ ૧૦૦ કેવીએ ના ટ્રાન્સફોર્મરની LT લાઇન માથી ખેતીવાડી હેતુ માટેના ૧૭ વીજ જોડાણ આપવામાં આવેલ છે. આ વીજ જોડાણોનો કરારીત વીજ ભાર ૮૩ હોર્સ પાવર છે. તથા ટ્રાન્સફોરમરની LT લાઇન બે સર્કિટમાં વહેંચાયેલ છે. આથી તાંત્રિક રીતે ટ્રાન્સફોર્મરનું વિભાજન કરવું જરૂરી નથી. | હકારાત્મક |
| ૧૧ | ૨૯.૦૩.૨૦૧૬ | ડો .ગોપાલભાઈ . આર .હડિયા કારોબારી સદસ્ય તાલુકા પંચાયત તાલાળા ગીર | આંકોલવાડી પેટા વિભાગ ની ઓફિસ માટે આંકોલવાડી ગામ માં ઓફિસ બનાવવા માટે જમીન ફાળવેલ હોવા છતાં કાર્યવાહી આગળ ના વધવા બાબત | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | આંકોલવાડી પેટા વિભાગ પીજીવીસીએલ ઓફિસ હાલ તાલાળા ગામ માં કાર્યરત છે તથા નવી કચેરી માટે જગ્યા મળ્યા બાદ આગળની યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. | હકારાત્મક |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૬ | ૩૧.૦૩.<br>૨૦૧૬ | રમેશભાઈ હરદાસભાઇ<br>માકડિયા,<br>મુ: તાલાલા,<br>તા: તાલાલા, | ૧૩૨કેવી લાઇન ખેતરમાં એકદમ નીચેથી પસાર થાય છે. જેના લીધે નીચેથી નીકળતી પીજીવીસીએલ ની લાઇન નો કેબલ ખુબજ નીચે રાખેલ છે. | પીજીવીસીએલ | કાર્યપાલક<br>ઇજનેર,<br>વિભાગીય<br>કચેરી,<br>વેરાવળ | જ્યાં નીચેના ભાગે નવો LT નો પોલ તા.૦૪.૦૪.૨૦૧૬ ના રોજ ઊભો કરી કેબલ ઊંચો લઈ પ્રશ્ન નું નિરાકરણ કરવામાં આવેલ છે. | હકારાત્મક |
| ૨૬ | ૩૧.૦૩.<br>૨૦૧૬ | મકવાણા મૂળાભાઈ<br>પુંજભાઇ,<br>મુ: સેમરવાવ,<br>તા: તાલાલા,<br>મો નં: ૯૯૭૮૦૩૬૯૮૪ | નવા ખેતીવાડી વીજ જોડાણ નું ભાવપત્રક તા: ૧૫/૦૪/૨૦૦૮ ના રોજ ભર્યા બાદ વીજ જોડાણ મળેલ નથી. | પીજીવીસીએલ | કાર્યપાલક<br>ઇજનેર,<br>વિભાગીય<br>કચેરી,<br>વેરાવળ | અરજદાર ને નવા ખેતીવાડી વીજ જોડાણ અંગેનું નિયત ભાવપત્રક તા: ૨૪/૦૩/૨૦૦૮ ના રોજ આપવામાં આવેલ જે તેઓએ તા: ૧૫/૦૪/૨૦૦૮ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ. પરંતુ અરજદારે જરૂરી દસ્તાવેજો જેવા કે ગામનો નમૂનો નંબર ૬ તથા કૂવાના ભાગીદારનું રૂ ૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર સંમતિપત્ર રજૂ કરેલ નહીં આથી જે તે સમયે આ ખૂટતા કાગળોની પુર્તતા કરવા માટે તા: ૨૦/૧૧/૨૦૦૯ ના રોજ પત્ર નં: ટીએલએલ/૭૯૪૦ થી જાણ કરેલ.પરંતુ હજુ સુધી આ ખૂટતા કાગળો રજૂ ન કરતાં વીજ જોડાણ આપી શકાયેલ નથી. ખૂટતા કાગળો રજૂ થયે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. | હકારાત્મક |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩૧ | ૩૦.૦૩.<br>૨૦૧૬ | ચુડાસમા જયેશભાઇ મનજીભાઇ મુ;રાતીધર ગીર તા ; તાલાળા ગીર | યોગ્ય રીતે ચેકિંગ કરી બિલ આપવા માં આવતું નથી અવાર નવાર લાઇટ બંધ કરવામાં આવે છે . | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | * વીજ લોસ ને ધ્યાન માં રાખી કાયદેસર ના ગ્રાહકને સાતત્ય પૂર્વક વીજ પુરવઠો મળી રહે તે હેતુ સબબ વીજ ચેકિંગ ની કાર્યવાહી નિયમ પ્રમાણે કરવામા આવે છે.<br>*અરજદાર નો પ્રશ્ન જનરલ છે .ચેકિંગ કામગીરી ગ્રાહક અથવા તેમના હાજર રહેલ પ્રતિનિધિ ની હાજરી માં કરવા માં આવે છે. સ્થળ ઉપર હાજર વ્યક્તિ ની સહી લેવામાં આવે છે.ચેકિંગ સમયે લખાયેલ લોડ મુજબ ગણતરી કરી નક્કી થયેલ કલમ 126 અથવા 135 પ્રમાણે નિયમ મુજબ બિલ આપવા માં આવે છે. તથા આપવા માં આવેલ બિલ માં કલમ તથા અપીલ ની સંપૂર્ણ જાણકારી આપી બિલ આપવામાં આવે છે કોઈ પણ સંજોગોમાં પીજીવીસીએલ તરફથી બિન જરૂરી પાવર બંધ કરવામાં આવતો નથી પરંતુ કોઈ લાઇન ફોલ્ટ અથવા લાઇન સમારકામ તેમજ સલામતીના હેતુસર જ પાવર બંધ કરવાની ફરજ પડે છે | નીતિ વિષયક |
| ૪૫ | ૩૦.૦૩.<br>૨૦૧૬ | શ્રીમતી નંદુબેન આર .પટેલ સરપંચ શ્રી ગ્રામપંચાયત આકોલવાડી | આંકોલવાડી પેટા વિભાગ ની ઓફિસ આંકોલવાડી ગામ માં લઈ જવા બાબત | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | આંકોલવાડી પેટા વિભાગ પીજીવીસીએલ ઓફિસ હાલ તાલાળા ગામ માં કાર્યરત છે તથા નવી કચેરી માટે જગ્યા મળ્યા બાદ આગળની યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. | હકારાત્મક |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૫૩ | ૩૦.૦૩.૨૦૧૬ | શ્રી વિજયભાઇ લાખાભાઇ પરમાર, જશાધાર | જશાધાર ગામ માથી પસાર થતું ૧૧ કેવી ગામની બહાર ખસેડવા બાબત. | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | સદર સ્થળ નું નિયમોનુસાર સર્વેક્ષણ કરી મકાનોને નડતર રૂપ ૩૫૦ મીટર લાઇન ફેરવવા ફેરવવા અગેનું ભાવપત્રક અરજદારને તા. ૨.૦૪.૨૦૧૬ ના રોજ રૂ ૯૪૫૭૩/- રકમનું આપવામાં આવેલ છે જે ભરપાઈ થયે આગળ ની નિયમ મુજબની કાર્યવાહી કરી લાઇન ફેરવવા માં આવશે. | હકારાત્મક |
| ૫૮ | ૩૧.૦૩.૨૦૧૬ | શ્રી દિલીપભાઈ જેન્તિભાઈ પટોળીયા, આંકોલવાડી | અછત ના કારણે પાણી તેમજ પશુ માટેના ઘાસચારા માટે જે ખેડૂતોને બોર કૂવામાં પૂરતો પાણી છે તેવા ખેડૂતોને તાત્કાલીક વીજ કનેક્શન આપવા બાબત. | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | અરજદારનો પ્રશ્ન પોલીસી વિષયક છે સદર બાબતે સરકાર શ્રી ના નિયમ મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.. ખેડૂતોને ચાલુ વર્ષે અછત ને કારણે પાણી તેમજ પશુ માટે ના ઘાસચારા માટે જે ખેડૂતોને બોર કૂવા માં પૂરતું પાણી છે તેવા ખેડૂતો ને અગ્રતાક્રમ આપી તાત્કાલીક વીજ કને. આપવા અંગે રજૂઆત કરેલ છે. હાલ અત્રેના પેટાવિભાગ દ્વારા માર્ચ-૨૦૧૨ સુધીની નવા ખેતી જોડાણ ની માંગણી ના ભાવપત્રક આપી જોડાણ બાબત ની કામગીરી ચાલુ છે ત્યાર બાદ આપવામાં આવતા ક્વોટા મુજબ અગ્રતા ક્રમાંક મુજબ ભાવપત્રક આપી વીજ જોડાણ આપવા બાબત ની કાર્યવાહી કરવામાં આવે છે. | નીતિ વિષયક |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦૨ | ૦૧.૦૪. ૨૦૧૬ | નિલેષભાઈ મોહનભાઇ ભરડવા,<br>મુ:- ચિત્રોડ,<br>તા: તાલાલા,<br>મો નં: ૯૪૨૬૯૩૩૯૯૯ | તાલાલા શહેરની મધ્યમાં આવેલ ૧૧ કેવી લાઇનો શહેરની બહાર કાઢવા બાબત.તથા તાલાલા માથી પસારથતી ૧૧કેવી લાઇનમાં ઇન્સુલટેડ કેબલ નાખવા બાબત. | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | તાલાલા શહેર અને આજુબાજુના ગ્રામ્ય તથા ખેતીવાડી વિસ્તાર ને પાવર સપ્લાય 132 કેવી તાલાલા સબ સ્ટેશન માથી આપવામ આવે છે. જે સબ સ્ટેશન સાસણ રોડ પર આવલું હોય 11 કેવી લાઇન મધુપુર ખેતીવાડી, પીપળવા ખેતીવાડી, ધૂસિયા ખેતીવાડી, ફિડરોની શહેર માથી પસાર થાય છે તેમજ તાંત્રિક રીતે યોગ્ય તથા સારી સ્થિતિ માં છે. આથી તાલાલા શહેરની મધ્યમાં આવેલ ૧૧ કેવી લાઇનો શહેરની બહાર કાઢવા બાબત ત્રાંતિક હાલ જરૂરીયાત નથી. ખેતીવાડી ફિડરો હોવાથી ઇન્સુલટેડ કેબલ નાખવો તાંત્રિક રીતે યોગ્ય નથી. સલામતી ના ભાગ રૂપે સદરું લાઇન નું મરામત નું કામ સમાનયાંતરે કરવામાં આવે છે | નકારાત્મક |
| ૧૦૯ | ૦૧.૦૪. ૨૦૧૬ | ગોબરભાઈ મોહનભાઇ ખૂં,<br>મુ:- બોરવાવ,<br>તા:- તાલાલા,<br>મો નં: ૯૬૬૨૭૬૬૫૦૭ | પ્લોટને નડતરરૂપ લાઇન શિફ્ટિંગ કરવા બાબત. | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | તા: ૫/૭/૨૦૧૪ ની અરજદારની અરજી સંદર્ભે સર્વે કરી તા: ૨૮/૦૭/૨૦૧૪ ના રોજ લાઇન શિફ્ટિંગ બાબતનું રૂ.૩૪૨૦૧.૦૦ નું અંદાજપત્ર આપવામાં આવેલ જે અરજદાર દ્વારા ભરપાઈ કરવામાં ન આવતા લાઇન શિફ્ટિંગ કરેલ નથી. | નકારાત્મક |
| ૧૧૨ | ૦૧.૦૪. ૨૦૧૬ | પ્રવીણભાઈ ભીખાભાઇ ઠુમર,<br>મુ:- ભોજદે,<br>તા:- તાલાલા,<br>મો નં: ૯૮૯૮૯૨૮૭૫૭ | ખેતીવાડી વીજ જોડાણની લાઇનના તાર બદલવા તથા લાઇન રીપેર કરવા બાબત. | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | સદર રજૂઆત વાળી જગ્યાની સ્થળ મોજણી કરી તે મુજબ ૩.૬કીમી વીજ વાયર  તથા ૧૦ વીજપોલ બદલવવા અંગેની રૂ ૧૪૮૦૦૦/- રકમની દરખાસ્ત તાંત્રિક મંજૂરી માટે મુકેલ છે .તેમજ સદર કામગીરી માટેની કાર્યવાહી તા.૩૦.૦૫.૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. | હકારાત્મક |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૨૭ | ૦૧.૦૪. ૨૦૧૬ | ગોવિંદભાઇ જાદવભાઈ કામાળીયા,<br>મુ:- ધણેજ,<br>તા:- તાલાલા,<br>મો નં:- ૯૯૧૩૪૦૫૯૮૮ | વીજ ચોરીનું ખોટો દંડ કરવા તથા ૩૩૨ ની કલામ હેઠળ ફરિયાદ કરવા બાબત. | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | તા: ૪/૦૩/૨૦૧૩ ના રોજ ગોવિંદભાઇ જાદવભાઈ કામાળીયા ના ઘરે વીજ ચેકિંગ કરેલ જેમાં તેઓ પીજીવીસીએલ કંપનીના કાયદેસરના ગ્રાહક ન હોય જેથી તેમને બિન ગ્રાહક તરીકે કલમ ૧૩૫ હેઠળ પાવરચોરીનું બિલ તા. ૧૩.૦૩.૨૦૧૩ ના રોજ રૂ ૩૫૧૯૩.૪૫/- નું આપવામાં આવેલ જે તેમણે તા.૨૧.૦૭.૨૦૧૪ ના રોજ પહોચ નાં ૩૭૭૩૬૩ થી રૂ ૩૫૨૦૦/- ભરપાઈ કરેલ છે. તથા તેમના ઘરે વીજ ચેકિંગની કાર્યવાહી દરમ્યાન ચેકિંગ અધિકારી સાથે ફરજમાં રૂકાવટ કરતાં તેમની સામે ફરજમાં રૂકાવટ બાબતે ફરિયાદ કરેલ છે. | હકારાત્મક |
| ૧૩૦ | ૦૧.૦૪. ૨૦૧૬ | કેશવભાઈ અરજણભાઇ વાઢેર,<br>વાલ્મીકી વાસ,<br>મુ:- તાલાલા,<br>તા:- તાલાલા,<br>મો નં: ૯૮૨૫૫૩૮૮૦૫ | નવું વીજ જોડાણ ન મળવા બાબત. | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | તા. ૦૪.૦૪.૨૦૧૬ ના રોજ અરજદારને રહેણાક હેતુ માટેનું વીજ જોડાણ આપી પ્રશ્ન નું નિરાકરણ કરવામાં આવેલ છે.. | હકારાત્મક |
| ૧૪૦ | ૦૧.૦૪. ૨૦૧૬ | માલાભાઈ અરશીભાઈ સોલંકી,<br>મુ:- માલજિંજવા,<br>તા:- તાલાલા,<br>મો નં: ૯૪૨૯૩૬૩૬૧૦ | નવું ખેતીવાડી વીજ જોડાણ ન મળવા બાબત. | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | તેમની પહોંચ નંબર: ૫૪૦૭૬ તા: ૨૭/૧૨/૯૦ ની અરજીના અનુસંધાને તા.૦૭.૦૪.૨003 ના રોજ રૂ.૭૨૫૦.00 નું અંદાજપત્ર આપવામાં આવેલ.જે તેઓએ તા.૩૦.૦૪.૨003 ના રોજ ભરપાઈ કરેલ. બાદમાં લાઇન કામમાં વાંધો પડતાં વધારાના લાઇન ચાર્જનું અંદાજપત્ર તા.૨૮.૦૫.૨૦૦૪ ના રોજ આપવામાં આવેલ, જે અરજદાર દ્વારા ભરપાઈ કરવામાં આવેલ નહીં. તેમજ તે માટે અનેકવાર લેખિતમાં જાણ કરવા છતાં અંદાજપત્ર ભરપાઈ કરવામાં ના આવતા તેઓની અરજી રદ કરી દફતરે કરવામાં આવેલ છે. | નકારાત્મક |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૫૫ | ૦૧.૦૪.૨૦૧૬ | કાલિદાસ મણિરામ નિમાવત,<br>મુ. ભોજદે,<br>તા: તાલાલા,<br>મો નં: ૯૬૦૧૬૬૮૭૭૭ | ૧૧કેવી લાઇન ઊભી કરવામાં ફોરેસ્ટ વિભાગ દ્વારા વાંધો ઉઠાવતા વીજ જોડાણ ના મળવા બાબત | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | સદર અરજદારને ખેતીવાડી વીજ જોડાણ આપવા માટે ઊભી કરવાની થતી 11 કેવી લાઇન ફોરેસ્ટ એરિયમથી પસાર થાય તેમ હોવાથી આ અરજદાર તથા અન્ય બે અરજદારોની લાઇન ઊભી કરવા માટે ફોરેસ્ટ વિભાગને દરખાસ્ત મોકલવામાં આવેલ. જે અનુસંધાને ફોરેસ્ટ વિભાગ તરફથી રૂ. ૨૩૯૮૯૬૫.૦૦ ની રકમ જમા કરાવવા જાણ કરવામાં આવેલ. આથી અગાઉ ભાવપત્રક ભરપાઈ કરેલ અરજદાર શ્રી દાના કરશન બારડ તથા સિધ્ધાર્થ વિક્રમ દેસાઇ ને અનુક્રમે પત્ર નં: ૭૬૫૨ તથા ૭૬૫૩ થી તા: ૧/૧૨/૨૦૧૫ ના રોજ રૂ. ૧૧૯૯૪૮૩.૦૦ ભરપાઈ કરવા જણાવેલ. જે તેઓએ ભરપાઈ કરેલ નથી. તેમજ આ સમય દરમ્યાન શ્રી કાલિદાસ મણિરામ ને વીજ જોડાણ મળી રહે તે હેતુથી ત્યાં લાગુ પડતું ગોપાલ ભાયા વાળા ટીસી ને લોડ સેંટરમાં લેવાથી અરજદારને બી કેટેગરીમાં વીજ જોડાણ મળી રહે તેમ હોય, પ્રોજેકટ નં. ૭૭૬૪૦ મંજૂર કરાવી તેની કામગીરી ચાલુ કરવામાં આવતા સદર કામગીરીમાં બાજુના ખેડૂત શ્રી રાજા વાસા જોટવા દ્વારા વાંધો લેવામાં આવતા તેઓને પત્ર નં. ટીએલએલ/ટેક/૧૫૩૫, ૩૦.૦૩.૨૦૧૬ થી દસ્તાવેજી પુરાવા રજૂ કરવા જણાવેલ છે. જે મળ્યે વાંધો દૂર કરવા આગળની કાર્યવાહી કરી આપવામાં આવશે. | હકારાત્મક |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૫૮ | ૩૧.૦૩.૨૦૧૬ | સમજુબેન ધીરુભાઈ વડોદરિયા મુ ;જાવન્ત્રિ | જાવન્ત્રિ ગામ જંગલ વિસ્તાર માં હોય વાડી વિસ્તાર માં રાત્રીને ને બદલે દિવસે વીજ પુરવઠો આપવા બાબત | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | *જાવન્ત્રિ ગામ ને 11કેવી જાવન્ત્રિ ફિડર માથી અને પ્રાંચી 66કેવી માથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે .જેનું ગ્રુપ F 11-છે વીજળી માંગ અને પુરવઠા ની સમતુલા જળવાઈ રહે અને સિસ્ટમ પર એકી સાથે ખેતીવાડી લોડ નું ભારણ ન આવે અને સિસ્ટમ નું સારી રીતે નિયમન થઈ શકે તે હેતુ થી પીજીવીસીએલ હેઠળ ના ખેતી વાડી ફિડરો ને કુલ (64)ગ્રુપ માં વિભાજિત કરી દરેક ગ્રુપ ને મહિના માં એક અઠવાડીયા સંપૂર્ણ દિવસ દરમ્યાન વિજપુરવઠો ઉપલબ્ધ થાય તે હેતુ થી ખેતીવાડી ગ્રુપ ના અઠવાડિક સમય પત્રક ને મહિના દરમ્યાન જુદા જુદા ચાર સમય ગાળા માં વિભાજિત કરવામાં આવેલ છે .અને તે મુજબ દરેક ગ્રૂપને વારા ફરતી રોટેશનપ્રમાણે દરરોજ સરેરાશ આઠ કલાક 3 ફેજ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે .<br>*માહે માર્ચ -૨૦૧૬ દરમ્યાન જાવન્ત્રિ ફિડરમાં નીચે મુજબ ના સમય ગાળા માં વિજપુરવઠો આપવામાં આવે છે .પ્રથમ અઠવાડિયું- ૧૧ =૩૦ થી ૧૯ =;૩૦ *બીજું અઠવાડિયું -૨૨ =૦૦ થી ૬ =૦૦ *ત્રીજું અઠવાડિયું- ૪ =૦૦ થી ૧૨ =૦૦ *ચોથું અઠવાડિયું- ૨૦ =૦૦ થી ૪=૦૦ | નીતિ વિષયક |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૮૮ | ૩૧.૦૩.<br>૨૦૧૬ | પાનેલિયા રાજેશભાઈ રામજીભાઇ<br>મુ ;આંકોલવાડી મોબાન -૯૮૭૯૫૩૦૩૬૦ | ૧ (એક્જ સર્વે નંબર માં એક કરતાં વધારે મોટર લોડ વધારો કરાવી ચલાવવાની મંજૂરી આપવા બાબત<br>)૨(એક્જ સર્વે ન માં એક થી વધારે જોડાણ આપવા બાબત<br>)૩(નવા ખેતીવાડી જોડાણ માં ફાઇવ સ્ટાર મોટર ફરજિયાત લેવાનો કાયદો મરજિયાત કરવો | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | પોલિસી વિષયક પ્રશ્ન જીયુવીએનએલ ના સર્ક્યુલર ન;સીઇ/જીયુવીએનએલ/આરઇ/૮૭ તા -૭-૬-૦૬ પરિપત્ર મુજબ જેટલા હોર્ષ પાવર નું જોડાણ મંજૂર થયેલ હોય તેટલા હોર્ષ પાવર ની એકજ મોટર વાપરી શકાય છે<br>*પોલિસી વિષયક પ્રશ્ન ઉપરોક્ત સર્ક્યુલર G U V N L/T EC H /AG -2376 DT -28-9-12 તથા જીઇઆરસી ના રેગ્યુલેશન સપ્લાય કોડ ના નોટીફીકેશન નંબર-11-2015 ના સેક્શન -4 પ્રોસીઝર ફોર ગ્રાંટ ઓફ સપ્લાય ક્લોઝ નંબર.4.1.17 મુજબ એક પ્રીમાઈસીસ માં સરખા હેતુ માટે એક કરતાં વધારે જોડાણ આપી શકાતું નથી .<br>*પોલિસી વિષયક પ્રશ્ન પીજીવીસીએલ ના પત્ર ન પ્રોજેકટ /૮૩૬ તા ૨૨-૮-૧૫ પત્રની ગાઈડ લાઇન મુજબ ફાઇવ સ્ટાર મોટર લેવી ફરજિયાત છે .તથા પીજીવીસીએલ ના પત્ર નં 16-1-18/432.મુજબ નવું વીજ જોડાણ મંજૂર થયા પહેલા પંપ સેટ ખરીદી લીધેલા હોય અને હાલ તેમની પાસે હયાત હોય તેમની લેખિત રજૂઆત મળીયે વૈકલ્પીક વ્યવસ્થા ના અમલ કરવાનો થાય છે આમ સદરહુ પ્રશ્ન પોલીસી વિષયક છે. | નીતિ વિષયક |
| ૧૯૬ | ૦૧.૦૪.<br>૨૦૧૬ | ધરમસીભાઈ દેવાભાઈ સોંદરવા ,<br>મુ: રમરેચી,<br>તા: તાલાલા,<br>મો નં: ૯૪૨૯૭૬૬૫૩૩ | રમળેચી ગામ દ્વારા ૨૮.૦૪.૧૯૯૯ ના રોજ રૂપિયા ૨૫૦૦૦૦/- ભરી અમારા રમળેચી ગામમાં ૨૪ કલાક પાવર લેવામાં આવેલ જે જેજીવાય પાવર આવતા બંધ કરી દેવામાં આવેલ, જેથી આ પુરવઠો ફરીથી ચાલુ કરવું અથવા અમોએ ભરેલ રૂપિયા પરત આપવા | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | જે તે સમયની યોજના ના ધારા ધોરણ મુજબ ચાર્જ લઈ કામગીરી કરેલ હોય શકે. તદ ઉપરાત સદર હું લાઇન માલિકી જે તે વખતે સરકાર શ્રી અથવા વીજ કંપનીરહે છે. અન્ય ગામોને પણ સરકાર શ્રી ના આદેશ મુજબ જ્યોતિગ્રામ યોજનાનો લાભ મળતા તેઓને પણ આ ફીડર માં જોડેલ છે. હકીકતે આ ફીડર બંધ કરવામાં આવેલ નથી. | હકારાત્મક |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૯૯ | ૦૧.૦૪.<br>૨૦૧૬ | રાજેશભાઈ રવજીભાઇ ઢોલરિયા<br>મુ: રમરેચી,<br>તા: તાલાલા,<br>મો નં: અવાચ્ય | ખેતીવાડી વિસ્તારમાં મેંટેનન્સ કરવા બાબત | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર,<br>વિભાગીય કચેરી,<br>વેરાવળ | સદર રજૂઆત અનુસંધાને સ્થળ સર્વે કરી ખેતીવાડી પાડલિયા વાળા ગ્રુપના મેંટેનન્સ માટે ૬.૦૦ કીમી વીજવાયર તથા ૧૦ વીજપોલ રૂ.૨૨૯૦૦૦/- ના ખર્ચે બદલાવવાની દરખાસ્ત તાંત્રિક મંજૂરી માટે મૂકવામાં આવેલ છે. તેમજ સદર કામગીરી તા.૧૨.૦૪.૨૦૧૬ ના રોજ પૂર્ણ કરી સદર રજૂઆત નું નિરાકરણ કરવામાં આવેલ છે. | હકારાત્મક |
| ૨૦૪ | ૦૨.૦૪.<br>૨૦૧૬ | પોકર કિરીટકુમાર જમનભાઇ,<br>મુ: બોરવાવ,<br>તા: તાલાલા,<br>મો નં: ૯૯૦૯૯૫૬૨૫૩ | એક વીજ જોડાણમાં બે મોટર ચલાવવા બાબત. | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર,<br>વિભાગીય કચેરી,<br>વેરાવળ | વડી કચેરી જીયુવીએનએલ ના પરિપત્ર નં: ૮૭/૦૭/.૦૬.૦૬ મુજબ એક સર્વે નં. માં જેટલા હોર્સ પાવર નું વિજજોડાણ હોય તેટલા હોર્સ પવારની એક જ મોટર વાપરી શકાય. આમ મોટા ખાતેદારોને એક કનેશન માથી તેમના સર્વે નં. માં બે જગ્યાએ ઉપયોગ કરવો એ નીતિવિષયક બાબત છે. | નીતિ વિષયક |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| ૨૧૭ | ૦૨.૦૪.<br>૨૦૧૬ | કાછડીયા રમેશભાઈ<br>કરશનભાઇ,<br>મુ: બોરવાવ,<br>તા: તાલાલા.<br>મો નં: ૯૭૨૭૫૮૧૧૮૧ | એક વીજ જોડાણમાં એક થી વધારે મોટર ચલાવવા દેવા બાબત. | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | વડી કચેરી જીયુવીએનએલ ના પરિપત્ર નં: ૮૭ તા. ૦૭.૦૭.૨૦૦૬ મુજબ એક સર્વે નં. માં જેટલા હોર્સ પાવર નું વિજજોડાણ હોય તેટલા હોર્સ પવારની એક જ મોટર વાપરી શકાય. આમ મોટા ખાતેદારોને એક કનેશન માથી તેમના સર્વે નં. માં બે જગ્યાએ ઉપયોગ કરવો એ નીતિવિષયક બાબત છે. | નીતિ વિષયક |
| | | | મજમુ કૂવામાં એકથી વધારે વીજ જોડાણ આપવા બાબત. | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | જી.ઇ.આર.સી. ના રેગ્યુલેશનના સપ્લાયકોડના નોટિફિકેશન નં: ૧૧-૨૦૦૫ ના સેક્શન -૪ પ્રોસીઝર ફોર ગ્રાન્ટ ઓફ સપ્લાય ક્લોઝ નં - ૪.૧.૧૭ પ્રમાણે એક પ્રીમાઈસિસમાં સરખા હેતુ માટે એક કરતાં વધુ વીજ જોડાણ આપી શકતા નથી. પરંતુ જો એકજ સર્વે માં એકથી વધારે ભાઈઓ અલગ અલગ ખેતી કરતાં હોય અને તે સર્વે નંબર અલગ અલગ ખાતા મુજબ વિભાજિત થયેલ હોય ત્યારે દરેક ખાતાના અલગ અલગ ખાતેદારે જે તે ખાતાની કાયદાકીય અસ્તિત્વ પ્રમાણિત કરવા માટે મહેસૂલ નોંધણી જેવીકે ૭-૧૨,૮-આ, ૬ (હક્ક પત્રક) જેમાં પરીવર્તન / ફેરફારની નોંધ, ડિસ્ટ્રિક્ટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકોર્ડ (ડીઆઇએલઆર) દ્વારા પ્રમાણિત કરેલ જમીન માપણી શીટ/ ગામનો નકશો વગેરે દસ્તાવેજો ની ખરાઈ કર્યા બાદ જો સદર મહેસૂલી માહિતી વિભાજિત થયેલ સર્વે નંબર ના અલગ અલગ ખાતા નંબરની કાયદાકીય રીતે અલગ અસ્તિત્વ પુરવાર થતું હોય તો દરેક ખાતાની સામે વિભાજિત થયેલ સર્વે નંબરમાં અલગ ખાતેદારને | નીતિ વિષયક |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ખેતીવાડી વિજજોડાણ આપી શક છે. એક સર્વે નંબરમાં એકથી વધુ વીજ જોડાણ આપવાની બાબત નીતિ વિષયક છે. | |
| | | | એક સર્વે નંબરમાં એકથી વધારે મોટર ચલાવવા માટે હંગામી સમય માટે લોડ વધારો આપવા બાબત. | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | વડી કચેરી જીયુવીએનએલ ના પરિપત્ર નં: ૮૭ તા. ૦૭.૦૬.૦૬ મુજબ એક સર્વે નં. માં જેટલા હોર્સ પાવર નું વિજજોડાણ હોય તેટલા હોર્સ પવારની એક જ મોટર વાપરી શકાય. આમ મોટા ખાતેદારોને એક કનેશન માથી તેમના સર્વે નં. માં બે જગ્યાએ ઉપયોગ કરવો એ નીતિવિષયક બાબત છે. | નીતિ વિષયક |
| ૨૩૦ | ૦૨.૦૪. ૨૦૧૬ | દાનાભાઇ કરશનભાઇ બારડ, મુ: ભોજદે, તા: તાલાલા, મો નં:૯૮૨૫૫૩૮૨૯૫ | વીજ જોડાણ ન મળવા બાબત. | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | અરજદાર દ્વારા કરવામાં આવેલ અરજીના આધારે તેમને નિયત ભાવપત્રક આપેલ. જે તેઓ દ્વારા ભરપાઈ પણ કરવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેની કચેરી દ્વારા ૧૧ કેવી લાઇન ઊભી કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ, પરંતુ સદર વીજ લાઇન પ્રોટેકટેડ ફોરેસ્ટ એરિયમાથી પસાર થતી હોય ફોરેસ્ટ વિભાગ દ્વારા લાઇન કામ આટકાવેલ, જે બાબતે અત્રેની કચેરી દ્વારા ફોરેસ્ટ વિભાગ માથી લાઇન નાખવા માટેની પ્રપોઝલ પત્ર નંબર: **TLL/TECH/**૩૪ તા: ૫/૦૪/૨૦૧૪ થી મોકલાવેલ. જેના અનુસંધાને ફોરેસ્ટ વિભાગ તરફથી પત્ર નંબર: બ/૨૪/જમન/ટે.૧૩/૧૧૨૦૦/૨૦૧૫-૧૬ થી રૂ. ૨૩૯૮૯૬૫.૦૦ નું વળતર વનીકરણ બાબતનું નિયત ભાવપત્રક આપેલ. જે ભરપાઈ કરવા માટે અત્રેની કચેરી દ્વારા અરજદારને પત્ર નંબર: **TLL/TECH/**૭૬૫૩, તા ૦૧.૧૨.૨૦૧૫ થી જાણ કરેલ. જે તેઓ દ્વારા ભરપાઈ કરેલ નથી. જેથી સદર વીજ જોડાણ આપાયેલ નથી. | નકારાત્મક |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨૫૧ | ૦૨.૦૪.<br>૨૦૧૬ | રામજીભાઇ શામજીભાઇ<br>રબડીયા,<br>મુ:- રમરેચી,<br>તા: તાલાલા,<br>મો નં.: ૯૭૧૨૧૮૯૦૦૯ | ખેતીવાડી વીજ લાઇનમાં વારંવાર ટ્રીપિંગ આવવા બાબત. | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | ખેતીવાડી ફીડરો માં સમાયાંતરે સમારકામ કરવાંમાં આવે છે. તેમજ સદર ફિડરો માં આંબા ના બગીચા વધુ પડતાં પ્રમાણમાં આવેલ હોય જેથી ઝાડ ની ડાળીઓ લાઇનને અથડાવાથી લાઇન મા ટ્રીપિંગ આવે છે. | હકારાત્મક |
| ૨૭૭ | ૦૧.૦૪.<br>૨૦૧૬ | શ્રી કિરણભાઇ<br>નારણભાઇ<br>કાલસરીયા,<br>હડમતીયા | પીજીવીસીએલ દ્વારા સીંગલ ફેઝ ગ્રાહક ને સાઇઠ ગણું વધુ બિલ વીજ વપરાશ નું આપી પરેશાન કરવા બાબત. | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | સદરહુ ચેકીંગ બાબત નો પ્રશ્ન પોલિસી વિષયક છે. સદરહુ અરજદાર ને ત્યાં 26-02-16 ના રોજ ઘર વપરાશ નું વિજ જોડાણ ચેકીંગ દરમ્યાન ગ્રાહક ના પ્રતીનીધી ની હાજરી માં ચેકીંગ કરી વધારાની સર્વીસ જપ્ત લેવામાં આવેલ છે જે ઇલેક્ટ્રીસીટી એક્ટ ૧૨૬ હેઠળ બુક થતાં ચેકીંગ સમયે જોડાયેલ લોડ મુજબ, એબીસીડી ફોર્મુલા, તથા જીઇઆરસી ના નોર્મ્સ હેઠળ ગણતરી કરી પુરવણી બીલ રૂ ૧૮૯૩૧/- તા. ૨૯.૦૨.૧૬ ના રોજ આપવામાં આવેલ જેમાથી તેઓએ રૂ ૫૦૦૦/- તા.૨૯.૦૩.૨૦૧૬ ના રોજ રસીદ નં ૯૪૯૮૦ થી ભરપાઈ કરેલ છે. અને અપીલ અંગે ની સંપૂર્ણ સમજણ ગ્રાહક ને આપવામાં આવેલ છે. | નીતિ વિષયક |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨૮૧ | ૦૧.૦૪. ૨૦૧૬ | શ્રી દિનેશભાઇ ભાણાભાઈ અકબરી, માધુપુર | ૧. માધુપુર ગામમાં આવાર નવાર લાઇટના જટાકા આવે છે. પીજીવીસીએલ ની કંટ્રોલ ઓફીસ માં ટેલીફોનિક માહીતી મળતી નથી.<br>૨. માધુપુર ગામે જશાધાર સબસ્ટેશન માથી લાઈન આપવાની પ્રોસેસ છેલ્લા એકા વર્ષ થી ચાલે છે છતાં હજુ કોઈ કાર્યવાહી થઈ નથી. | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | ૧. આંકોલવાડી પીજીવીસીએલ ઓફીસ નો લેન્ડ લાઇન નંબર ૦૨૮૭૭ ૨૨૨૭૨૨ સતત કાર્યરત હોય છે અને સદર ટેલિફોન પર યોગ્ય જવાબ આપવા માટે જરૂરી સૂચના આપવામાં આવેલ છે.<br>૨. માધુપુર ગામને જશાધાર સબસ્ટેશન માઠી પાવર આપવા માટે વચ્ચે રેલ્વે ટ્રેક આવતો હોય રેલ્વે ક્રોસીંગ ની મંજૂરી ની જરૂર પડે છે જે માટે તા.૨૫-૨-૧૪ ના રોજ રજીસ્ટ્રેશન રેલ્વે વિભાગ માં કરવામાં આવેલ છે ત્યાર બાદ રેલ્વે વિભાગ દ્વારા સર્વે તારીખ ૫-૩-૧૬ ના રોજ રેલ્વે ઓથોરીટી સાથે કમ્બાઈન સરવે કરી રેલ્વે વિભાગ દ્વારા જરૂરી દરખાસ્ત મોકલેલ છે હાલ રેલ્વે વિભાગ હેઠળ મંજૂરી માં હોય મંજૂરી મળ્યે આગળ ની કાર્યવાહી કરી માધુપુર ગામને જશાધાર સબસ્ટેશન માથી પાવર આપવા માં આવશે. | હકારાત્મક |
| ૨૮૩ | ૦૧.૦૪. ૨૦૧૬ | શ્રી મેરામભાઈ ભીમાભાઈ જાવન્ધ્રા | જંગલની બોર્ડર પર આવેલ બામણાસા ગીર ગામ માં વીજ લાઇન આવેલ છે જે વર્ષો જૂની હોય નવી વીજ લાઇન નાખવા બાબત | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | અરજદાર ને સામે રાખી સર્વેક્ષણ કરી આંબા ના બગીચા વચ્ચેથી પસાર થતી એલ ટી લાઇન ના બે ગાળા ના વાયરો અરજદારે આંબાની ડાળીઓ કાપવાની સહમતી આપેલ હોય ડાળીઓ કાપી ઢીલા વાયર ખેંચી સદર કામગીરી તા.૦૭.૦૪.૨૦૧૬ ના રોજ પૂર્ણ કરી સદર રજૂઆત નું નિરાકરણ કરવામાં આવેલ છે. | હકારાત્મક |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨૯૬ | ૦૧.૦૪.<br>૨૦૧૬ | શ્રી દિલીપભાઇ હીરાભાઈ સિદ્ધપરા, સુરવા | તાલાળા પીજીવીસીએલ કચેરી દ્વારા ખોટી રીતે મોટી રકમ નું બીલ આપી મીટર સીલ કરી દંડ વસૂલ કરવામાં આવેલ છે. તે બાબત | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | અરજદાર ના પ્રશ્ન બાબતે કોર્ટમેટર ચાલુ છે શ્રી દિલીપભાઇ હીરાભાઈ સીધપરા મુ સુરવા તા.તાલાળા નું રહેણાંક નું વીજ ચેકીંગ કરતાં તા.09-08-14 ના રોજ નોન કંજ્યુમર તરીકે પાવર ચોરી માં પકડાતાં કલમ ન. 135 મુજબ પાવર ચોરીનું બિલ તા. ૧૦.૮.૧૪ ના રોજ રૂ.૨૪૧૨૯/- નું આપવામાં આવેલ.જે તેઓએ ભ્સરપાઈ ન કરતાં પાવર ચોરી કલમ ન. 135 મુજબ પાવર ચોરી માં આવતા ગુ.ર.ન. 5274/14 મુજબ પોલીસ ફરીયાદ થવા પામેલ છે તથા વેરાવળ ના.મે.એડી. ડીસ્ટ્રીક્ટ જજ સાહેબ ની સ્પે. કોર્ટ માં દાવા નંબર.364/15 મુજબ કોર્ટ મેટર ચાલુ છે. | નામદાર કોર્ટ બાબત |
| ૨૯૭ | ૦૨.૦૪.<br>૨૦૧૬ | પરસોતમભાઇ નારણભાઇ રાદડીયા, મુ: બોરવાવ, તા: તાલાલા<br>મો નં: ૯૦૯૯૬૪૭૧૫૧ | પીજીવીસીએલ તાલાલા દ્વારા ખોટી રીતે દંડ વસૂલ કરેલ છે. | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | તા: ૨૮/૦૮/૨૦૧૪ ના રોજ પરસોતમભાઇ નારણભાઇ રાદડીયા ની વાડીએ વીજ ચેકિંગ કરેલ જેમાં તેઓ પીજીવીસીએલ કંપનીના કાયદેસરના ગ્રાહક ન હોય જેથી તેમને બિન ગ્રાહક તરીકે ઇલેક્ટ્રિશિતી એક્ટ ૨૦૦૩ ની કલમ ૧૩૫ હેઠળ તા.૦૨.૦૯.૨૦૧૪ ના રોજ રૂ ૩૪૦૬૫/- પાવરચોરીનું બિલ આપવામાં આવેલ જે તેઓએ રૂ ૩૬૬૦૦/- તા.૨૧.૦૨.૨૦૧૫ ના રોજ રસીદ નં.૭૦૨૮૭ થી ભરપાઈ કરેલ છે. | હકારાત્મક |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩૦૧ | ૦૨.૦૪.૨૦૧૬ | જેસાભાઈ દેવાભાઇ રાડા,<br>મુ:- લુશાળા,<br>તા: તાલાલા,<br>મો નં: ૯૯૦૪૪૬૮૦૭૨ | ભેસ ના અકસ્માતનું વળતર મળવા બાબત. | પીજીવીસીએલ | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, વેરાવળ | સદર અકસ્માતના વળતરની અરજી અરજદાર દ્વારા તા.૦૨.૦૪.૨૦૧૬ ના રોજ મળતા સદર વળતરની નિયમોનસર નું ૫૦% વળતરનો પહેલો હપ્તો અરજદારને ચેક નં.૩૭૬૦૫૧,તા.૦૪.૦૪.૨૦૧૬ થી ચૂકવેલ છે | હકારાત્મક |